





અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૪-૧૦-૨૦૨૪ શુક્રવાર


# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ આસો સુદ ૨ વર્ષ : ૨૮ અંક ૩૫૨












## આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં સુપ્રિમો ડો.પ્રવિણ તોગડીયાની ગર્જના

# અમરેલી સહિત ૧૯૬ ગામોમાં ઇકો ઝોનનો નિર્ણય રદ્દ કરો

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને પત્ર પાઠવી રજુઆત કરતાં ડો. પ્રવિણ તોગડીયા : ગીરનાં સિંહ અને ગીરનાં લોકોની પ્રશંસા કરી

અમરેલી,ગુજરાતના ગીર જંગલમાં આવેલ અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ જિલ્લાના ૧૯૬ ગામોને ઈકોઝોન ઘોસિત કરવાનો નિર્ણય પરત ખેંચવા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના (અનુ. પાના નં.૭)













## ઓલ ગુજરાત ફેર પ્રાઇઝ શોપ એસો. અને ગુજરાત ફેર પ્રાઇઝ શોપ કેરોસીન લાયસન્સ એસો. દ્વારા સંયુકત રીતે

# અમરેલી જિલ્લામાં રેશનીંગ વિતરકોની હડતાલ

### રેશનિંગ વિતરકોની રજુઆતો બાદ પણ રેશનિંગ વિતરકોને કમિશન, ઘટ ચલણ જનરેટ કરવું સહિતના પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં હડતાલનું શસ્ત્ર ઉગામ્યું

અમરેલી,

ઓલ ગુજરાત ફેર પ્રાઇઝ શોપ એસોસીએશન અને ગુજરાત રાજય ફેર પ્રાઇઝ શોપ કેરોસીન લાઇસન્સ હોલ્ડર્સ એસોસીએશન બંન્ને દ્વારા સંયુક્ત રીતે જાહેર કરવામા આવેલ છે જે અનુસંધાને મુખ્ય માંગણી (૧) ૨૦૦૦૦ મીનીમમ કમીશન મેળવવા માટે બાધારૂપ ૯૭% આધાર આધારીત વીતરણ ની શરત રદ કરવાની સાથે મીનીમમ કમીશન મા વધારો કરીને ૩૦૦૦૦ કરવાની છે (૨) કમીશન પ્રતિ કીલોગ્રામ દીઠ રૂ.૧.૫૦ છે એને વધારી ને કીલોગ્રામ દીઠ રૂ.૩ કરવા માટે ની છે (૩) વીતરણ કરવામા ગોડાઉન થી લઈને દુકાનમા છુટક વિતરણ સુધીમા પડતી ઘટ બાબતે એટલે કે કુલ વિતરણ મા ૧% ની વીતરણ ઘટ મંજુર કરવા જેવી મુખ્ય માંગણી છે તેથી હાલ ની માંગણીઓ નાના અને મોટા તમામ દુકાનદારો માટે લાભદાયક હોય તેથી આપણે અમરેલી જીલ્લા વતી રાજય એસોસીએશન ને સંપુર્ણ ટેકો જાહેર કરીને કોઈપણ દુકાનદારે ચલણ જનરેટ કરવુ નહી, પૈસા ભરવા નહી અને ગોડાઉન ખાતેથી એમ.ડી.એમ સીવાય નો માલ

### અમરેલી જિલ્લામાં ૧૭ હજાર રેશનિંગ વિતરકો તહેવાર ટાણે દુકાનો બંધ રાખશે : રેશનિંગ વિતરકો પોતાના પ્રશ્નોના ઉકેલ માટે સરકાર સામે લડી લેવાના મુડમાં

દુકાને ન ઉતારવા જણાવાયું છે. અમરેલી જીલ્લાના તમામ વ્યાજબી ભાવના દુકાનદારો નવરાત્રી અને દીવાળી ના તહેવાર ટાણે જ ચલણ જનરેટ ન કરીને માલ ન ઉપાડી દુકાનો બંધ રાખશે. રાજય ના સસ્તા અનાજ ના દુકાનદારોની લાંબા સમય થી ચાલતી પડતર માંગણીઓ નો ઉકેલ ન આવતા ઓલ ગુજરાત ફેર પ્રાઇઝ શોપ એસોસીએશન અને ગુજરાત રાજય ફેર પ્રાઇઝ શોપ એન્ડ કેરોસીન લાઇસન્સ હોલ્ડર્સ એસોસીએશન ના નેજા હેઠળ રાજયના તમામ ૧૭૦૦૦ થી વધુ દુકાનદારો હડતાલ મા જોડાયા છે. જેમા પોષણક્ષ્મ મીનીમમ કમીશન આપવાની જાહેરાત થયા બાદ પરીપત્રમા ૯૭% ની શરત રાખી એ રદ કરવી, કમીશન વધારા ત્થા ૧% વિતરણ ઘટ જેવી માંગણીઓ એસો. દ્વારા કરેલ છે. જયા સુધી સરકાર દ્વારા એસો.ની માંગણીઓ સ્વીકારવામા નહી આવે ત્યા સુધી અમરેલી જીલ્લા ના તમામ દુકાનદારો વિતરણ થી અળગા રહેશે એવુ અમરેલી જીલ્લા ફેર પ્રાઇઝ શોપ એસો.ના મીડિયા સંયોજક. સંજય મકવાણા દ્વારા જણાવવામા આવેલ છે.

## અમરેલી શહેર ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં

# શ્રી ઉંઘાડની શુભેચ્છા મુલાકાતે મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ

### રાજયના ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનું શ્રી બાવકુભાઇ ઉંઘાડ પરિવાર દ્વારા સ્વાગત કરાયું



અમરેલી, અમરેલી ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડના નિવાસ્થાને ગુજરાત સરકારના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તે વેળાએ ભાજપ અગ્રણી ડો. ભરત કાનાબાર, શ્રી દિપકભાઈ વઘાસીયા, શ્રી મનષિભાઈ ધરજીયા, શ્રી દિનેશભાઈ ભુવા, શ્રી રિતેષભાઈ સોની, શ્રી દિવ્યેશભાઈ વેકરીયા તથા ચેમ્બરના શ્રી યોગેશભાઈ ગણાત્રા અને અમરેલી શહેર ભાજપના મહામંત્રી ભરતભાઈ મકવાણા સહિત ભાજપ આગેવાનો અને કાર્યકરો તથા અમરેલી જેટકોના અધિકારીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

## શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા

# સાવરકુંડલામાં સુએજ પ્લાન્ટના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો

### નબળા કામની ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરતાં શ્રી ગોહિલ



સાવરકુંડલા, સાવરકુંડલામાં ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની લિમિટેડ અંતર્ગત અંકિતા કન્સ્ટ્રક્શન કંપની દ્વારા હાલમાં સુએજ ટ્રીટમેનૂટ પ્લાન્ટનું કામ ચાલી રહ્યું છે જે કામ ટેન્ડર મુજબ થતું નથી અને બિલકુલ નબળું કામ થઈ રહ્યું છે, અને સરકારશ્રીના કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે, આ કામમાં વપરાતું મટીરીયલ્સ સાવ હલકી ગુણવત્તાનું વાપરવામાં આવે છે, તેમજ ટેન્ડરમાં દર્શાવ્યા કરતા સાવ ઓછું મટીરીયલ્સ વાપરી કામ કરવામાં આવી રહ્યું છે. આ કામમાં વપરાતી કપચી ૨૦mm ની જગ્યાએ નાની સાઈઝની અને કાચા પથ્થરની ટીપકી વાળી વાપરવામાં આવે છે ઈભભ ના કામમાં સિમેન્ટ સાથે ડસ્ટ (પથ્થરનો ઝીણો ભૂકો) વાપરવામાં આવે છે. આ કામનું કોન્ક્રીટ કામ એકદમ રફ અને સ્ટીલ દેખાય તેવું કરવામાં આવી રહ્યું છે, જેથી ભવિષ્યમાં સ્લેબ અને કોલમ તૂટવાની શક્યતા છે, કોન્ક્રીટ ભરેલા કોલમના સેન્ટીંગ કામ એકદમ લાઈન લેવલ વગરના હોવાથી કોલમ પણ લેવલ વગરના છે, જેથી તે સ્લેબમાં જોઈન્ટ થાય તેમાં પણ લેવલ મળતું નથી, જેથી સ્લેબ નીચે પડવાની શક્યતા રહે છે. આ પ્રોજેક્ટમાં વાપરવામાં આવતા કોંક્રીટ બ્લોકને બદલે ફ્લાય એશ બેલા વાપરવામાં આવે છે, જેથી આ કામ ટૂંક સમયમાં જર્જરીત થઈ શકે તેમ છે. આ અંગે ત્વરિત તટસ્થતાથી વિજિલન્સ તપાસ કરવામાં આવે તેમજ આ કામમાં નબળું કામ કરી ભ્રષ્ટાચાર કરનાર અંકિતા કન્સ્ટ્રકશન કંપનીનું ટેન્ડર રદ કરવામાં આવે, અને તેને ચૂકવેલ નાણાંની રિકવરી કરવામાં આવે, અને આ એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવે, તદઉપરાંત આ કામના ભ્રષ્ટાચારમાં સામેલ ઁઘભવિભાગના જવાબદાર અધિકારીને ફરજ મોકૂફ કરવામાં આવે, અને તેની વિરુદ્ધ કાયદેસરના શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે તેવી રજૂઆત સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને GUDC ના ચેરમેન શ્રી, મેનેજિંગ ડિરેક્ટર શ્રી, તેમજ વાઈસ પ્રેસિડેનૂટ શ્રી ને લેખિતમાં કરવામાં આવેલ છે.

# અમરેલી નાગનાથ મહાદેવ મંદિરે શ્રી રામચરિત માનસ પાઠાત્મક અનુષ્ઠાન



અમરેલીમાં પવિત્ર નાગનાથ મહાદેવ મંદિરે સમસ્ત હરિ પરિવાર દ્વારા શ્રી રામચરિત માનસના સંગીતમય પાઠાત્મક અનુષ્ઠાનનું આયોજન થયું છે. જેમાં પ્રખર વકતાં શાસ્ત્રી ઈશ્વરદાસ વ્યાસ જુનાગઢવાળા બિરાજી કથા રસપાન કરાવી રહ્યા છે. આ કથાની તા.૧૧-૧૦-૨૪ને શુક્રવારે પુર્ણાહુતિ થનાર છે. કથામાં આજે જનમેદની ઉમટી પડી હતી.

## કોઇ અજાણ્યા શખ્સોએ

# ખાંભા નજીક આવેલા ઇંગોરાળા ગામે વૃધ્ધાની હત્યા કરીને સોનાની કડીઓની લૂંટ ચલાવી

### કોઇ અજાણ્યા શખ્સોએ લૂંટના ઇરાદે વૃધ્ધાની હત્યા કરી સોનાની ૧ લાખ ઉપરાંતની લૂંટ ચલાવ્યાની ફરિયાદ

અમરેલી,

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે ખોડિયાર મંદિરની બાજુમાં રહેતાં કાનાભાઈ દાહાભાઈ ગુજરીયા ઉ.વ.૭૫ તા.૨-૧૦ના વહેલી સવારે ઈંગોરાળાથી નિગાળા-૧ ગામે માતાજીના મઢે ગયેલ તે વખતે તેમના પત્ની સોનાબેન ઘરે એકલા હજાર હોય તે દરમિયાન તા.૨-૧૦-૨૪ના રાત્રીથી તા.૩-૧૦ના સવારના આશરે સાતેક વાગ્યા પહેલા કોઈ પણ સમયે કોઈ અજાણ્યા શખ્સોએ કાનાભાઈના ઘરે રાત્રી દરમિયાન લૂંટ કરવાના ઈરાદે ગૃહ અપપ્રવેશ કરી કબાટનો નકુચો તોડી ઘરની તમામ વસ્તુઓ વેરવીખેર કરી સોનાબેનની હત્યા કરી મોત નિપજાવી તેના બન્ને કાનમાં પહરેલ કડી નંગ-૬ આશરે બે તોલા રૂા. ૧,૪૦,૦૦૦ની કાઢી લઈ લૂંટ કરી નાસી ગયાની ખાંભા પોલીસ મથકમાં કાનાભાઈ દાહાભાઈ ગુજરીયાએ ફરિયાદ નોંધાવી છે.

કાનાભાઈના ફરિયાદમાં જણાવ્યા અનુસાર ઈંગોરાળા ગામે છેલ્લા ત્રીસેક વર્ષથી રહું છું મારી પત્ની સોનાબેન દુકાન ચલાવી તેમાં વેપાર કરી ઘર ગુજરાન ચલાવે છે. મારે સંતાનમાં બે દિકરાઓ છે જેમાં સૌથી મોટો દિકરો રવજી છે. તે બેક વર્ષ પહેલા મૃત્યુ પામેલ તેનાથી નાનો રમેશ છે. અને તે તેમના પરિવાર સાથે સુરત રહી હિરા ઘસી ગુજરાન ચલાવે છે. હું માતાજીનો ભુવો હોવ નવરાત્રી શરૂ થવાની હોવાથી નિંગાળા-૧ ગામે મારા માતાજીનો મઢ હોય ત્યાં મારા મોટા દિકરા રવજીના પત્ની રેખા તેમના બે દિકરા અને બે દિકરીઓ સાથે રહે છે. અને નવરાત્રીના નવેય દિવસ નિંગાળા-૧ ગામે મારા મોટા દિકરાના ઘરે અમારા કુટુંબના માતાજીના મઢે રહેવાનું હોય જેથી હું તા.૨-૧૦ના વ્હેલી સવારે સતાધાર મહુવા એસટી બસમાં બેસી નિંગાળા-૧ આવેલ, અને હું નિંગાળા હતો ત્યારે મારા મોટા દિકરાની મોટી દિકરી પાયલબેન ઉપર જાનુ બેનનો ફોન આવેલ અને વાત કરેલ કે સોનાબેનને મજાનથી જેથી તમે ફટાફટ ઈંગોરાળા મુકામે આવો તેવી વાત કરતાં હું અમારી બાજુમાં રહેતાં મુળુભાઈ દદુભાઈ લાખણોત્રા પાસે જઈ તેમની અમારી સાથે ફોરવ્હીલ લઈ આવનું કહેતાં તેમાં બેસી મારા મોટા દિકરાના પત્ની રેખાબેન સહિત ઈંગોરાળા ઘરે આવીને જોતા મારા પત્ની સોનાબેન ખાટલામાં બે ભાવન અવસ્થામાં પડેલ હતી. અને તેને બોલવતાં કંઈ બોલેલ ન હતી. તેમના મોઢાની જમણી બાજુ નખ વાગેલાનું નિશાન અને લોહી નિકળેલ હતું. અને બન્ને કાનની પહેરવાની સોનાની કડીઓ નહતી. અને કાનમાં લોહી નિકળેલ હતું. તેમજ મોઢામાં થુંક નિકળી ગયેલાનું નિશાન હતું. અને ઘરમાં જઈ તપાસ કરતાં ઘર વખરી સહિત તમામ સમાન વેરવીખેર પડેલ હતો. અને કબાટનો નકુચો તોડી નાખેલ હતો. ત્યાર બાદ તેની બાજુનો બિજો રૂમ જોતાં તે ખુલ્લો પડેલ હતો. મારા પત્ની સોના સાથે રાત્રે આશરે ૯ વાગ્યે વાત થયેલ પછી મારે તેમની સાથે વાત થયેલ ન હતી. અને રાત્રી દરમિયાન આ બનાવ બનેલ છે. અને ત્યાર બાદ ગામના પ્રશાંતભાઈ તંતી તથા બીજા ઘણા માણસો આવી ગયેલ હતાં. અને કોઈકે એમ્બ્યુલન્સ બોલવતાં તેમાં મારા પત્ની સોનાને સુવડાવતાં અમારા ગામના કરશનભાઈ નાનજીભાઈ સરવૈયા, ચલાલાના સુખાભાઈ નારણભાઈ સાંખટ મારા પત્ની સોનાને લઈ ખાંભા સરકારી દવાખાને લાવતાં ફરજ પરના તબીબે તપાસી મરણ ગયેલ હોવાનું જાહેર કરેલ. અને કોઈ અજાણ્યા શખ્સોએ લૂંટ કરવાના ઈરાદે આવીને મારા પત્ની સોનાનું મોત નિપજાવી કાનમાં પહેરલ સોનાની કડીઓની લૂંટ ચલાવી નાસી ગયાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવની તપાસ ખાંભાના પીએસઆઈ આર.જી ચૌહાણ બનાવની તપાસ ચલાવી રહ્યા છે.

## માલધારી પ્રમાણ પત્ર આપવા માટે

# રાજુલા જાફરાબાદમાં માલધારી સમાજે આવેદન આપ્યું

### રાજુલા જાફરાબાદ વિસ્તારના ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી સહિતને રજુઆત કરી



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ને ભરવાડ સમાજના આગેવાન કાનાભાઈ ભરવાડ ની આગેવાનીમાં આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે અમારી માલધારીઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે અને અમારા માલધોરે કુદરતી સંસાધનો ઉપર નભતા હોય છે માલધારીઓ પોતાના માલધોરને સરકારી પડતર ગૌચર તથા ખરાબમાં ચલાવવા માટે લઈ જાય છે કોઈને કોઈ કારણોસર આવા ચરિયાણો ખૂબ ઝડપથી ઘટી રહ્યા છે જેના લીધે પશુપાલનનો વ્યવસાય ધીમે ધીમે તૂટતો જાય છે જેની સિદ્ધિ માઠી અસર માલધારીઓના કુટુંબ પરિવારના ભરણપોષણ ઉપર અને શિક્ષણ ઉપર પડી રહી છે ત્યારે પશુપાલનના વ્યવસાયને ટકાવી રાખવા માટે ખેતીની જમીન હોવી ખૂબ જરૂરી છે જે તેમની પાસે જમીન હશે તો ઘાસચારાના પાકોનું વાવેતર કરી અને એમના પશુઓનો નિભાવ કરી શકશે આ માટે સરકારે સૌરાષ્ટ્ર ઘરખેડ ૧૯૪૯ કલમ ૫૪ મુજબ માલધારીઓને ખેડૂત ની વ્યાખ્યામાં ઘણી જમીન ધારણ કરવાની જે પ્રમાણપત્ર આપવાની વાત છે તેમાં વિસંગતતાઓ છે. આ બાબતે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા માલધારી સમાજ આવેદનપત્ર આપ્યું હતું.

## રાજુલામાં ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના સહયોગથી સાઈનાથ ગરબા ક્લાસીસ નું આયોજન કરવામાં આવે છે જેમાં ૭૦૦ થી ૮૦૦ જેટલી મહિલાઓ અને ખેલૈયાઓને નિશુલ્ક ગરબાઓ શીખવાડવામાં આવે છે આ વર્ષે પણ ભવ્યથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આજરોજ સાઈનાથ ગરબા ક્લાસીસના અંતિમ દિવસે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ હાજરી આપી અને સૌ ખેલૈયાઓને પ્રોત્સાહિત કર્યા હતા આપણી ભારતીય સંસ્કૃતિ નવરાત્રીના માતાજીના નવલા ગુણ ગાવા માટેના આ તહેવારમાં જે ગરબા ક્લાસીસ છેલ્લા ઘણા વર્ષોથી આ ગરબા ક્લાસીસ ચલાવી રહ્યું છે તેને અભિનંદન પાઠવ્યા હતા આ તકે રીનાબેન ચેતનભાઈ શિયાળ જિલ્લા ભાજપ આગેવાન રવુંભાઈ ખુમાણ ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુદાદા ગરબા શિક્ષક આકાશ ગૌસ્વામી સહિતના મહાનુભાવો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીમાં ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણ માટે વિશ્વસનીય નામ
એલઇડી ટીવી, ફ્રીજ, વોશીંગ મશીન, એસી, ઘરઘંટી વિગેરે તદ્દન વ્યાજબી ભાવથી ખરીદવા માટે અને લાઇવ ડેમો જોવા માટે આજે જ પધારો
LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH vivo MITSUBISHI MILCENT ANANDI OPPO
શિવ ઇલેક્ટ્રોનિક્સ
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી.
મો.૯૮૯૮૩ ૨૩૩૫૨

વિલાયતી દવાઓ તથા વિલાયતી ઉપાયો આપના સૌથી મોટા દુશ્મન છે
આ દુશ્મનોથી બચવા વિનુભાઇ છાશવાળા નાં યોગ રિસોર્ટ (મુ.કમી-કેરાળા, તા.ધારી) માં પધારો ચમત્કારીક આંખના ટીપાનો પણ લાભ લો
સંપર્ક :- મો. ૯૪૨૭૪ ૨૯૨૬૧

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સિક્યુરીટી ફિલ્ડ ઓફીસરની જરૂર છે
સેલેરી ૨૨ હજારથી ૩૦ હજાર
લોકેશન : શાપર-વેરાવળ, મેટોડા, મોરબી, રાજકોટ
સંપર્ક: મો.૯૮૨૫૩ ૨૬૩૦૮, ૯૧૦૪૦ ૪૧૩૩૩
સિક્યુરીટી ગાર્ડની જરૂર છે
સેલેરી ૧૨ હજારથી ૧૫ હજાર
Facility foods & Rooms
(P.F., Esic Gow.Facility)
મો.૮૭૩૫૦ ૦૫૬૬૬, ૮૭૩૫૦ ૦૪૯૯૯

શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ
ઉધઈથી બચો
ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

ઓઇલ મીલ ભાડે આપવાની છે
અમરેલી લાઠી, રીલાયન્સ પેટ્રોલ પંપની પાસે આવેલ રાજલક્ષ્મી ઓઇલ મીલ (ચાલુ કન્ડીશન) ભાડે આપવાની છે
સંપર્ક :- મો. ૯૪૨૬૨ ૧૯૭૪૭

## સાવરકુંડલા તાલુકા જિલ્લા પંચાયત ચૂંટણીને એક વર્ષ જેવો સમય બાકી છે ત્યારે વિજપડીમાં ચૂંટણી લડવા લોકો તત્પર

# વિજપડીમાં કોંગ્રેસમાંથી ચૂંટણી લડવા અડધો ડઝન દાવેદારો તૈયાર

### કોંગ્રેસમાં ચૂંટણી લડવા દાવેદારોના નામો ચર્ચામાં આવતા સમગ્ર વિજપડી વિસ્તારના રાજકારણમાં ગરમાવો આવી ગયો : ક્રોશ વોટિંગ કરવા પણ તૈયારી

### નાગજીભાઇ ગોઠડીયા, એડવોકેટ મુકેશ ગોઠડીયા, અરવિંદ આંબલીયા, રાજુભાઇ કાકલોતર, જીજ્ઞેશ ગુર્જર, જયંતિભાઇ મુંજાણ, મુકેશ મકવાણા સહિતનો સંભવિત દાવેદારો તરીકે સમાવેશ

વિજપડી, (સંજય વાઘેલા)

સાવરકુંડલા તાલુકા જિલ્લા પંચાયતની ચુંટણીને હજુ એક વર્ષ જેટલો સમય બાકી છે ત્યારે વિજપડી બેઠક માટે તાલુકા અને જિલ્લા લડવા માટે કોંગ્રેસનાં સંભવીત અડધો ડઝનથી વધુ દાવેદારોનાં નામો લોક ચર્ચામાં આવતા વિજપડી વિસ્તારનાં રાજકારણમાં ગરમાવો આવેલ છે. સંભવીત દાવેદારોમાં નાગજીભાઈ ગોઠડીયા, એડવોકેટ મુકેશ ગોઠડીયા, અરવિંદ આંબલીયા, રાજુભાઈ કાકલોતર, જીજ્ઞેશ ગુર્જર, જયંતિભાઈ મુંજાણ, મુકેશ મકવાણા, તેજાભાઈ રબારી, જુબેર પોહાર, હાર્દિક ગોસાઈ, સંજય વાઘેલા, સમીર ખોખર જ્યારે જિલ્લા પંચાયત બેઠક માટે ભોળાભાઈ બલદાણીયા, ધીરૂભાઈ ગુર્જર, એડવોકેટ ગુણવંત ગોંડલીયા, મેહુલ રાઠોડનાં નામો લોક ચર્ચામાં છે. ત્યારે આવા સંજોગોમાં જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પુર્વ મહામંત્રી એવો પ્રચાર કરે છે કે, મેરા ગાવ મેરા દેશની નિતી અમલમાં લાવો. જિલ્લા પંચાયત માટે જે પક્ષ વિજપડીનાં દાવેદારને ટિકીટ આપે અને તે ઉમેદવાર સમાનતાથી વર્તન કરે, જ્ઞાતીવાદી ન હોય તો કોઈ પણ પક્ષનો કે જ્ઞાતીનો ઉમેદવાર વિજપડીનો હોય તો વિજય બનાવવો જોઈએ. ક્રોસ વોટીંગની જરૂરત પડે તો ક્રોસ વોટીંગ ભલે કરવું પડે પરંતુ બહાર ગામનાં ઉમેદવારો કોંગ્રેસમાંથી ટિકીટ લઈ વિજેતા કે પરાજીત બનીને ભાજપમાં ચાલ્યા જાય તેના કરતા ભાજપ જ વિજપડીનાં દાવેદારને જિલ્લા પંચાયતની ટિકીટ આપે તો વિજયી બનાવવો જોઈએ. તેવો જોરદાર મતપ્રવર્તે છે. આવી લોક મુખે ચર્ચા વહેતી મુકનાર પુર્વ સરપંચ યાકુબ રસભર્યા જણાવે છે કે, ૪૦ વર્ષ પહેલા સાયન્સમાં ગ્રેજ્યુએટ થયેલા હાજી હબીબભાઈ મુલ્તાની સરપંચ પદે ચુંટાયેલ જ્યારે વિરોધ પક્ષનાં તમામ સભ્યો ચુટાયેલા. મતલબ કે ૪૦ વર્ષ પહેલા પણ વિજપડીની જનતા ક્રોસ વોટીંગ કરી ચુકી છે. ત્યારે હવે તો શિક્ષણ અને જાગૃતિનો વ્યાપ વધ્યો છે. તેવા સંજોગોમાં જે પક્ષ વિજપડીનાં દાવેદારને જિલ્લા પંચાયતની ટિકીટ આપે તેને વિજયી બનાવવા જાગૃત નાગરીકો થનગની રહ્યાં છે. વિજપડીનાં રાજકારણમાં ચાણક્ય ગણાતા રાજુભાઈ કાકલોતરે તાલુકા પંચાયત વિજપડી બેઠક ઉપર ચુંટણી લડવા મક્કમ બન્યા હોય પરિણામમાં પરિવર્તન આવવાની શકયતા છે. આગામી સરપંચની ચુંટણી લડવા માટે યાકુબ રસભર્યા ઉપર કામનું દબાણ વધી રહ્યું છે. પરંતુ બિમારીનાં બહાના હેઠળ ચુંટણીમાં પરાજીત થવાના ભયથી ચુંટણી લડવાનું ટાળી રહ્યાં છે ત્યારે જિલ્લા પંચાયતની ટિકીટ ન મળે તો ઉપસરપંચ પતિ ભોળાભાઈ બલદાણીયા, મેહુલ રાઠોડ વગેરે સરપંચની ઉમેદવારી કરશે તેવી પણ લોકમુખે ચર્ચા થઈ રહ્યાનું સંજય વાઘેલાની યાદીમાં જણાવાયું છે.

## જાફરાબાદમાં યુવાન ઉપર સિંહે હુમલો કરતા રાજુલાની હોસ્પિટલમાં ખસેડાયો

### વનવિભાગ દ્વારા સિંહનું લોકેશન લેવા માટે કવાયત



રાજુલા, (જયદેવ વરૂ)

અમરેલી જિલ્લામાં જાફરાબાદ શહેરમાં સાંજના સમયે લાઈટ હાઉસ વિસ્તારમાં ઝાંઝરૂ જવા માટે જીગરભાઈ માલાભાઈ બારૈયા ઉ.૨૬ બાવળની કાટ વિસ્તારમાં જતા સિંહ અચાનક ભેટો થતા હુમલો કર્યો હતો માથાના ભાગે ઈજાઓ થતા રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે આ ઘટનાની જાણ થતાં જાફરાબાદ રેન્જ આર.એફ.ઓ.જી.એલ.વાઘેલા, રાજુલા આફ.એફ.ઓ.યોગરાજ સિંહ રાઠોડ સહિત અધિકારીઓ હોસ્પિટલમાં પોહચીયા યુવકને સારવાર મળે તેના માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા અને બનાવ સ્થળે એક ટીમ ઘટના સ્થળે પોહચી સિંહનું સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું સિંહ હુમલો કર્યા બાદ ક્યાં વિસ્તારમાં છે તેનું લોકેશન લેવા માટેની કવાયત હાથ ધરી છે. શેત્રુંજી ડીવીઝન ઈન્ચાર્જ એસીએફ જી.એલ.વાઘેલાએ કહ્યું અમારી ટીમ બનાવની જાણ થતાં તાત્કાલિક પોહચી ગઈ છે ઝાંઝરૂ જવા યુવાન બાવળની કાટમાં ગયા હતા તેના કારણે બનાવ બન્યો છે અમારી ટીમ બનાવ સ્થળે પોહચી તપાસ કરી રહી છે.

### રાજ્યના નશાબંધી અને અબકારી વિભાગ દ્વારા

# વિઠલપુરમાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરાઇ

### વિઠલપુર માધ્યમિક શાળાથી વકૃતત્વ અને નિબંધ સ્પર્ધાઓ યોજાઇ : ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઇનામો અને પ્રમાણપત્ર એનાયત







અમરેલી,

રાજ્યભરમાં નશાબંધી અને આબકારી ખાતા દ્વારા ઉજવવામાં આવતા નશાબંધી સપ્તાહના ઉત્ક્રમે તારીખ ૩-૧૦-૨૦૨૪ ના રોજ શ્રી એમ એન બાબરીયા ઉચ્ચતર માધ્યમિક શાળા, વિઠ્ઠલપુર ખાતે નશાબંધી વિષયક વકૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામો તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ લોકોએ વ્યસનમુક્તિ અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં નશાબંધી અને આબકારી ખાતાના સબ ઈન્સ્પેક્ટરશ્રી એમ.બી સોલંકી અને જમાદારશ્રી જે.બી. કલસરીયા હાજર રહ્યા હતા. તેમજ શાળાના પ્રિન્સિપાલ શ્રી એ.એસ કાબરીયા તથા તમામ સ્ટાફ ગણોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

## અમરેલીમાં શ્રી ચતુરભાઇ પટેલનાં નવા શો-રૂમનો રવિવારે પ્રારંભ

### પટેલ પ્રોવીઝનવાળા ચતુરભાઇ અકબરી પરિવાર દ્વારા નવા સોપાન માટે તડામાર તૈયારીઓ

અમરેલી,

અમરેલી જેશીંગપરા ધારી રોડ પટેલ મારબલની બાજુમાં અદ્યતન અને વિશાળ પટેલ સ્ટીલ એન્ડ સીરામીકનાં નામથી શો-રૂમ આધુનિક વીક્ટ્રીફાઈડ ટાઈલ્સ, ગ્રેનાઈટ અને મારબલનું બીજુ સોપાન તા.૬-૧૦-૨૪ મંગળવાર સવારનાં ૮ થી આપના આગમન સુધી પટેલ પ્રોવીઝન સ્ટોરનાં ચતુરભાઈ એન.અકબરી, રસીકભાઈ સી.અકબરી, સંજયભાઈ સી.અકબરી પરિવાર દ્વારા નવા સોપાનનો પ્રારંભ કરવા જઈ રહ્યાં છે. સહયોગી ફર્મ સંજય ટ્રેડર્સ યુનિટી સિમેન્ટ સનકોલ કેમીકલ્સ, ઉમિયા સિરામીક રસીકભાઈ અકબરી, ભાવેશભાઈ અકબરી, પટેલ સ્ટીલ એન્ડ સીરામીકનાં પ્રારંભ અવસરે આપની ઉપસ્થિતિ અને આશિર્વાદ અમોને ઉર્જા પુરી પાડશે. તો આ શુભપ્રસંગે મિત્ર મંડળ સહિત પધારવા જણાવેલ છે.

## વરસડાથી મતીરાળા સુધીનો માર્ગ બિસ્માર

### વરસડાથી મતિરાળા વચ્ચે એસટી બસ પણ મહામુસીબતે બહાર નિકળે છે

અમરેલી, (અશરફખાન)

અમરેલીનાં વરસડાથી લાઠીનાં મતીરાળા વચ્ચે સાત - આઠ કિલોમીટર સુધીનો માર્ગ ખુબ જ ખરાબ હાલતમાં હોય વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. તંત્ર સત્વરે આ માર્ગ રીપેર કરે તે જરૂરી છે કારણ કે, આ રોડ ઉપર એસટી બસ પણ ચલાવવી મુશ્કેલ થઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૭,૯૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩-૧૦-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.










તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં
જન્મ/મરણ અરજી નં.૪૦૨/૨૦૨૪
અરજદાર :- શ્રી ધીરૂભાઈ નોંધણભાઈ જોળીયા રહે.ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી ધીરૂભાઈ નોંધણભાઈ જોળીયાએ તેમના પુત્ર શ્રી કિશનભાઈ ધીરૂભાઈ જોળીયાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૫ ના રોજ તથા તેમના પુત્રી શ્રી મીરાબેન ધીરૂભાઈ જોળીયાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૬ ના રોજ કોટડી મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી ભાવેશભાઈ એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૧૯-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૯-૦૯-૨૦૨૪
કોર્ટની સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં
જન્મ/મરણ અરજી નં.૪૦૧/૨૦૨૪
અરજદાર :- શ્રી ભરતભાઈ ભાણાભાઈ ચૌહાણ રહે.ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી ભરતભાઈ ભાણાભાઈ ચૌહાણે તેમના સંતાન નામે જયુબેન ભરતભાઈ ચૌહાણનો જન્મ તા.૧૧-૦૭-૨૦૧૩ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૯-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૯-૦૯-૨૦૨૪
કોર્ટની સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા












AVADH TIMES DAILY

સત્યમેવ જયતે

અવધ ટાઇમ્સ

તા.૦૪-૧૦-૨૦૨૪ શુક્રવાર

# ઓનલાઈન વેજીટેબલ ઓર્ડર આપ્યા પછી નોન વેજ ડિલિવરી આવે તો ઘરમાં કોને ખબર પડે?

પ્રદૂષણને લઈને આ વર્ષે ધમાકેદાર-સ્ફોટક અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા ફટાકડા વેચવા પર પ્રતિબંધ છે, તેથી જે ફટાકડાઓ ફોડવાની છૂટ છે, તે ફટાકડા ફોડવાની આજથી જ શરૂઆત થઈ ગઈ છે અને ફટાકડાના માન્ય વિક્રેતાઓને ત્યાં ભીડ પણ જોવા મળી રહી છે. પ્રદૂષણની ચિન્તા હવે દેશવ્યાપી બની છે અને નાસાની તસ્વીરોમાં ઉત્તરભારતના રાજ્યો પર છેક બંગાળ સુધી ધૂમાડો જોવા મળ્યો હોય, તો તે સમગ્ર દેશ માટે ખતરાની ઘંટડી છે અને ફટાકડાના કારણે થતાં પ્રાસંગિક હવાઈ અને ધ્વનિ પ્રદૂષણની સાથે સાથે આપણા જીવન સાથે વણાઈ ગયેલી પ્રદૂષણ ઉત્પન્ન કરતી ઘણી બધી હરકતો પર પણ અંકુશ લાવવો જરૂરી છે તેમ નથી લાગતું?

આપણે ત્યાં લગ્ન પ્રસંગોમાં ફટાકડા ફોડવાનો રિવાજ છે, અને કેટલાક ધાર્મિક પ્રસંગો, ઉજવણીઓ અને સરકારી-પ્રાઈવેટ મેળાવડાઓ, ઉજવણીઓ, કાર્યક્રમો સમયે પણ ઘણી વખત ફટાકડા ફૂટતા હોય છે. આ ફટાકડા પણ માન્ય માપદંડોના જ હોય, તે જરૂરી છે, પરંતુ તેની ચકાસણી માટે કોઈ ચોક્કસ મિકેનિઝમના અભાવે આ પ્રકારના નિયંત્રણોનો અમલ જ અધકચરો થતો હોય છે.

દ્વારકા જેવા યાત્રાધામોમાં દરરોજ ધ્વજારોહણ કે અન્ય પ્રકારના ઉત્સવો સમયે કાયમી ધોરણે ફટાકડા ફૂટતા હોય છે, અને તેમાં પણ યોગ્ય માપદંડો સાથે પ્રદૂષણ ન ફેલાવે, તેનું ધ્યાન રખાતું હોય છે, પરંતુ તેની ચકાસણી કે માપદંડો-નિયમનોનું ઉલ્લંઘન થાય, ત્યારે જરૂરી પગલાં લેવા માટે કોઈ સ્થાયી મિકેનિઝમ હોતું નથી, તેથી ત્યાં પણ હવાઈ પ્રદૂષણ વધી જતું હશે, ખરું ને?

હવાઈ પ્રદૂષણ જેવી જ સમસ્યા ધ્વનિપ્રદૂષણની પણ છે. ધાર્મિક, સામાજિક, પારિવારિક ઉત્સવો, પ્રસંગો, ઉજવણીઓ કે નવા જમાનાની પાર્ટીઓમાં ઊંચા અવાજે ડી.જે. વગાડીને અને શોર-બકોર કરીને ધ્વનિ પ્રદૂષણ ફેલાવવાય દરેકે દૂર રહેવું જરૂરી છે અને તે માટે પણ ચોક્કસ માપદંડો અને નિયમો છે, પરંતુ તેની અમલવારી, ચકાસણી કે કાર્યવાહી માટે પણ કોઈ ચોક્કસ મિકેનિઝમ સક્રિય હોય તેમ જણાતું નથી.

પ્રદૂષણ, મિશ્ર હવામાન અને ગ્લોબલ વોર્મિંગ વગેરેના કારણે બીમારીઓ પણ વધી રહી છે અને તહેવારો ટાણે હોસ્પિટલો-દવાખાના હાઉસફૂલ છે, આ વખતે દિવાળીના તહેવારોમાં ઘણાં બધા ખાનગી ડોકટરો પણ ફેમિલી સાથે ટૂરમાં બહાર જવાના હોવાથી ઘણાં બધા દવાખાના, હોસ્પિટલો વગેરે મહદ્‌અંશે બંધ રહે, તેવી શકયતા ખરી અને સરકારી કચેરીઓમાં પણ મીનીવેકેશન પડવાનું છે, તેથી તહેવારોના આ સમયગાળામાં જ વધી રહેલી બીમારીઓમાંથી કોઈ રોગચાળો ફેલાઈ જાય નહીં, તેની તકેદારી તંત્રોએ, સરકારોએ અને જનતાએ પણ રાખવી જ પડશે, તે ઉપરાંત આકસ્મિક અને માનવસર્જિત બીમારીઓ સામે પણ સાવધાન રહેવું પડશે. ખાસ કરીને ખાણી-પીણીમાં સૌથી વધુ તકેદારી રાખવી પડે તેમ છે ખરું કે નહીં?

હમણાંથી 'નકલી' નું પ્રમાણ વધ્યું છે અને બનાવટી, ભેળસેળયુકત પદાર્થોનું વેચાણ વધી રહ્યું છે. કયાંક ભોજનમાંથી વંદો નીકળે છે તો કયાંક ઓનલાઈન વેજીટેરિયન ફૂડનો ઓર્ડર આપેલો હોય તેમ છતાં નોનવેઈઝ ફૂડ મોકલી દઈને ઘોર બેદરકારી દાખવવામાં આવે છે. ઘણી વખત વાસી ખોરાક ધાબડી દેવામાં આવે છે, તો ઘણી વખત કાચો ને પાકો ખોરાક પણ પીરસી દેવાતો હોય છે.

તંત્રો ભલે ચેકીંગ માટે દોડાદોડી કરતા હોય અને નમૂના લેતા હોય, પરંતુ ભેળસેળ કે અખાદ્ય ચીજોનું વેચાણ નિયંત્રણમાં આવી રહ્યા નથી, અને તેની પાછળના કારણો સૌ કોઈ જાણે જ છે, અને 'ઓપન સિક્રેટ' તંત્ર વાહકો અને શાસકો પણ જાણતા જ હોય છે, પરંતુ કાં તો આંખ આડા કાન કરવામાં આવતા હશે, અથવા તો સ્નેહીજનો કે મળતીયાઓની સહભાગિતા જવાબદાર હશે, તેવું અનુમાન થઈ શકે ખરું...!

અમદાવાદમાં નકલી ફરસાણ, મીઠાઈ, દૂધ, માવા, ઘી, મરી-મસાલાનું વેચાણ થતું પકડાઈ રહ્યું છે, ત્યારે ત્યાંથી આવી બુમ પણ સંભાળાઈ રહી છે કે તંત્રો બરાબર દિવાળીના બે-પાંચ દિવસ આડા હોય, ત્યારે જ સૌથી વધુ સક્રિયતા દાખવે છે, તે માત્ર નાટક છે, કારણ કે તંત્રો દ્વારા શંકાસ્પદ અખાદ્ય ચીજ-વસ્તુઓના નમુના લઈને લેબમાં મોકલાય, અને ત્યાંથી બે અઠવાડિયે રિપોર્ટ આવે, ત્યાં આ પ્રકારની ચીજવસ્તુઓ વેચાઈ જતી હોય છે, અથવા યેન-કેન, પ્રકારેણ માર્કેટમાં પગ કરી જતી હોય છે, અને આ બધા કારસા કોની કોની મિલિભગતથી રચાય છે, તે પણ ઓપન સિક્રેટ જ છે ને? તેથી હવે જનતાએ પોતે જ સતત જાગૃત રહેવું પડે તેમ છે.

અમદાવાદ જેવા મેટ્રોપોલિટન સિટીમાં આ પ્રકારના અખાદ્ય ચીજોના નમૂના લઈને સ્થળ પર જ પરીક્ષણ કરવા માટે ફૂડ સેફટી ઓન વ્હીલ્સનો ઉપયોગ પણ નહીંવત થતો હોવાની રાવ ઉઠી રહી છે, તેથી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરવામાં સંબંધિત તંત્રોના સ્થાનિક કર્મીઓની પણ સક્રિય મિલિભગત હોવાની આશંકાઓ પણ વ્યકત થતી હોય છે.

આ તમામ પડકારો વચ્ચે આપણે દીપોત્સવી પર્વ તો ખૂબ જ ઉમંગથી ઉજવવાનું જ છે, બસ... પ્રદૂષણ ફેલાય નહીં, તેની કાળજી રાખવાની છે... તબિયત જાળવવા મારે ગમે ત્યાં, ગમે તે અને ગમે તેવી રીતે ઝાપટવાનું નથી, ખાવા-પીવા અને હરવા-ફરવામાં એટલું ધ્યાન રાખવાનું છે કે આપણી કે આપણા પરિવારજનો-સ્નેહીજનની તબિયત ન બગડે... ભેળસેળિયાઓ ફાવી ન જાય.... નફાખોરીનો ભોગ ન બની જવાય.... રાઈટ?

# ડેડાણ એસબીઆઇની સુવર્ણ જયંતિ ઉજવાઇ

## સુર્વણ જયંતિ નિમિતે બેંકની શાખાને શણગારી કેક કાપી ઉજવણી કરી



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી) દંતાબાપુ કોટીલાનાં ડેડાણગામે ઈ.સ.૧૯૭૩ માં સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની સ્થાપના થયેલ. જે ૨૦૦૮ માં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં મર્જ થયેલ. એસબીઆઈ ડેડાણ શાખાનાં ૫૦ વર્ષ પુર્ણ થતા તેમની સુવર્ણજયંતિ નિમિતે શાખાને શણગારી અને એચઆર મેનેજર અમરેલી કેશવ પ્રસાદ મોર્યાએ કેક આપી બ્રાન્ચ મેનેજર સમીરભાઈ ગોંડલીયા, કેશિયર હર્ષદભાઈ જયસ્વાલ, કલાર્ક શ્રી રોમિતભાઈ, અરવિંદભાઈ અને ઋષિભાઈ જાનીને અભિનંદન પાઠવેલ અને સુવર્ણજયંતિ નિમિતે સાક્ષીભાવે હાજર રહેલ ડેડાણ દરબાર હસુભાઈ કોટીલા, તુલસીશ્યામ મંદિર ટ્રસ્ટી મહેશભાઈ કોટીલા, સરપંચશ્રી અલારખભાઈ પઠાણ, ઉપસરપંચ શ્રી ઘનશ્યામભાઈ કચ્છી, બ્રહ્મ સમાજ પ્રમુખ શ્રી દતેશભાઈ જાની, મુસ્લિમ સિપાઈ સમાજનાં પ્રમુખ અયુબભાઈ પઠાણ, વેપારી અગ્રણી ધનજીભાઈ સાવલીયા, સતારભાઈ ટાંક, મનસુખભાઈ સાવલીયા, તેજસભાઈ ગોરડીયા, જીગ્નેશભાઈ રાજ્યગુરૂ, પત્રકાર શ્રી બહાદુરભાઈ હિરાણી સર્વે ગ્રામજનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમને અંતે રફિકભાઈ સાલેડા અને રાહુલભાઈ જાનીએ સર્વને ઉપાહાર કરાવી કાર્યક્રમને ચાર ચાંદ લગાવેલ.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૪.૧૦.૨૦૨૪ શુક્રવાર, સંવંત ૨૦૮૦ આસો સુદ બીજ, ચિત્રા નક્ષત્ર, વૈદ્યુતિ યોગ, બાલવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે.

# બીજા નોરતે માં બ્રહ્મચારિણીની આરાધના થાય છે

આજરોજ શુક્રવારને નોરતું છે, બીજા નોરતે માં બ્રહ્મચારિણીની આરાધના થાય છે. માતા બ્રહ્મચારિણીને જ્ઞાન, તપસ્યા અને વૈરાગ્યની દેવી કહેવામાં આવે છે તેઓને પાર્વતીજી ના અવિવાહિત રૂપમાં પૂજવામાં આવે છે. તે સફેદ વસ્ત્ર ધારણ કરે છે. તેમના ડાબા હાથમાં એક રૂદ્રાક્ષ માળા છે અને બીજા હાથમાં કમંડળ છે. માટે કઠોર તપ કરી કાંતિ મેળવી છે અને જે મિત્રો તપના માર્ગે આગળ વધવા ઈચ્છતા હોય તેઓએ માતા બ્રહ્મચારિણીની આરાધના કરવી જોઈએ. માતાની પૂજા રુદ્રાક્ષની માળાથી કરવી જોઈએ અને રુદ્રાક્ષની માળાથી જ તેમના મંત્ર કરવા જોઈએ. દેવીને સફેદ



ફળ ફૂલ અર્પિત કરવા જોઈએ તથા તેમને ખાંડ સાકાર, દૂધ અને પંચામૃત કે બનેલી મીઠાઈ ધરી શકાય. દશ મહાવિદ્યાના બીજા દેવી માતા તારા છે. પશ્ચિમ બંગાળમાં તારાપીઠનું મંદિર અને સ્મશાન તારા દેવીના મહત્વના સ્થાન છે. તેઓના ત્રણ સૌથી પ્રસિદ્ધ સ્વરૂપો એકજાતા, ઉગ્રતારા અને નીલાસરસ્વતી છે. દેવી તારા ઉગ્ર દેવી છે પણ ભવસાગર પાર કરાવવાની શક્તિ ધરાવે છે અને તે મુક્તિદાત્રી છે માટે નામ તારા છે. દશ મહાવિદ્યામાં તારા દેવીની આરાધના સકલ સંસારની મોહમાયામાં થી બહાર આવી મુક્તિ માટે કરવામાં આવે છે.

મેષ (અ,લ,ઈ) : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
વૃષભ (બ,વ,ઉ) : કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે. સ્ત્રીવર્ગને સારું રહે. વેપારીવર્ગને મધ્યમ.
સિંહ (મ,ટ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ
કન્યા (પ,ઠ,ણ) : તમારા સૌમ્ય વાણી વર્તન થી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.
તુલા (ર,ત) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન,ય) : ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય કરવા સલાહ છે, પૈસા નું આયોજન કરવું જરૂરી છે.
ધન (ધ,ભ,ફ,ઢ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ,જ) : કામકાજ માં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
(ગ,સ,શ) : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, પ્રગતિ થાય.
મીન (દ,ચ,ઝ,થ) : માનસિક ટેન્શન રહ્યા કરે, કામ માં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નો નું નિરાકરણ કરવામાં સમય વીતે.

# સાવરકુંડલાના હાથસણી અને ઢસામાં મોબાઈલ ચોરાયા

અમરેલી, સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે ભરતભાઈ જાદવભાઈ મોલાડીયાએ ભાગવી રાખેલ વાડીએ સુતા હતા ત્યારે તા. ૩૦-૯ ના રાત્રિના રીયલમી કંપનીનો રૂ/.૭૬૨૬ ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે રાજકોટના ઘનશ્યામભાઈ લખીરામભાઈ કુબાવત રહે. રાજકોટવાળાનો ઢસા જંકશન ગોદડીયા નગર-૨ માંથી ઓપો કંપનીનો મોબાઈલ રૂ/.૧૫,૦૦૦ ની કિંમતનો કોઈ ચોરી ગયાની દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મહુવામાં પરીણીતાને ત્રાસ અપાયો

## સાસરીયાઓએ ત્રાસ આપી મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) મહુવા દબગર શેરી સ્વામિનારાયણ મંદિર પાસે રહેતી ખુશ્બુબેન સતિષભાઈ વનગૌસ્વામી ઉ.વ. ૨૩ ને પતિ સતિષ દિનેશભાઈ, સાસુ મંજુબેન દિનેશભાઈ વનગૌસ્વામીએ શારીરીક અને માનસિક ત્રાસ આપી ગાળો બોલી પતિ સતિષે ઢીકાપાટુંનો મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બરવાળા બાવળ ગામે પ્રૌઢનું વિજશોક લાગતા મોત

## સ્લેબના હુકમાં બરણી લેવા જતા વિજશોક લાગતા મોત

અમરેલી, વડિયાના ભુખળી સાથળી ગામે રહેતા હીરાભાઈ ગોબરભાઈ જાદવ ઉ.વ.૪૫ બરવાળા બાવળ ગામે પોતાના ફઈના ઘરે આટો મારવા ગયેલ હોય. ત્યારે સ્લેબના હુકમાં બરણી ટીંગાડેલ હોય. ત્યાંથી બરણી લેવા જતા અચાનક કયાંક વીજવાયર લીક હોવાથી વિજશોક લાગવાથી મોત નિપજયાનું ગોબરભાઈ ભીખાભાઈ જાદવે વડિયા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી જીલ્લામાં એક વાહન ચાલક સહિત ૧૨ નસેડીઓ ઝડપાઈ ગયા

## પોલિસે જુદા જુદા સ્થળોએથી ૧૨ શખ્સોને નશો કરેલી હાલતમાં નીકળતા પોલિસે ઝડપી લીધા

અમરેલી, અમરેલી જીલ્લામાં એક વાહન ચાલક સહિત ૧૨ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નીકળતા પોલિસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં લાઠી, ડુંગર, જાફરાબાદ, વડિયા, લીલીયા, સાવરકુંડલા રૂરલ અને અમરેલી સીટી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# બગસરામાં રવિવારે શિવ બાબા માનવ સેવા ગ્રુપ દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પ યોજાશે

## કેમ્પમાં રકતદાતાઓ ઉમટી પડશે

બગસરા રૂપેશ રૂપારેલિયા ઠાકોરજીની અસીમ કૃપાથી બગસરા શહેરમાં આગામી ૦૬/૧૦/૨૦૨૪ ને રવિવારે સમય સવારે ૮:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી સાંકેતવાસી હરિલાલ પ્રેમ શંકરભાઈ વ્યાસ મામાના સ્મરણાંથે શ્રી વિમલબેન હરિલાલ વ્યાસ શીતલ આઈસ્ક્રીમ વાળા પરિવારના આર્થિક સહયોગથી શિવ બાબા માનવસેવા ગ્રુપ બગસરા તથા બાળ કેળવણી મંદિર દ્વારા આયોજિત ભવ્ય રકતદાન કેમ્પનું આયોજન કરેલ છે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમરેલીના સહયોગથી રક્તદાન કેમ્પ નું આયોજન કરેલ હોય તો વધારે ને વધારે રક્તદાતાઓએ રક્તદાન કરવા આયોજકો તરફથી અપીલ કરવામાં આવેલ છે રક્તદાન કરવા આવનારને સન્માન પત્ર તથા યાદગીરી રૂપે ભેટ આપવામાં આવશે કેમ્પનું સ્થળ બાળકેળવણી મંદિર પોલીસ સ્ટેશનની બાજુમાં બગસરા મુકામે રાખેલ છે આ કેમ્પની વધુ માહિતી માટે પંકજભાઈ ગાંગડીયાનો સંપર્ક કરવો જેનો મોબાઈલ નંબર ૯૩૨૭૫૨ ૬૬૯૯ છે

# બગસરામાં ગાંધી વંદના કાર્યક્રમો યોજાયો

## પુ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિતે આયોજન



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) તા. ૨ ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિતે શ્રી લોક ભારતી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત કુમાર છાત્રાલય બગસરામાં ગાંધી વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વૈષ્ણવ જનતો તેને રે કહીએ, જે પિડ પરાઈ જાણે રે તેમજ ધુન ભજન અને ગાંધીજીનાં જીવન ચરિત્ર વિશે વિદ્યાર્થીઓએ વકૃત્વ સ્પર્ધા રાખેલ હતી. જેમાં ગાંધીજીનાં સત્ય નાં પ્રયોગો અને તેમના જીવન મુલ્યોને જીવનમાં ઉતારવા ટ્રસ્ટીએ શિખ આપેલ હતી. ગ્રહપતિ દ્વારા હોસ્ટેલમાં સ્વચ્છતા અભિયાન પણ યોજાશે.

# લાઠીમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત એવોર્ડ અને સન્માન સમારોહ યોજાયો

## ગાંધીજયંતિ નિમિતે સફાઈ કામદારોનું સન્માન



લાઠી, (વિશાલ ડોડીયા) ગાંધીજી ની જન્મ જયંતી નિમિત્તે લાઠી નગરપાલિકા દ્વારા જેમણે સારી સફાઈ કરી છે તેવા સફાઈ કામદારોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ લાઠી સિવિલ હોસ્પિટલ ખાતે સફાઈ અભિયાન પણ યોજાયું હતું. લાઠી ચીફ ઓફિસર. નિકુંજ વોરા. રાજુભાઈ ભુવા અનિલભાઈ નાઢા ભરતભાઈ પાડા ભરતભાઈ ડેર. રોમિત કોટડીયા મોહિતભાઈ ગઢવી તેમજ નગરપાલિકા સ્ટાફ તેમજ સફાઈ કામદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

# મોરજરનાં બેચરભાઇ ચાવડાનો વરસાદનો વરતારો

અમરેલી, ધારી તાલુકાનાં મોરજર ગામનાં બેચરભાઈ છનાભાઈ ચાવડા વણકર દ્વારા અગાઉ પણ વરસાદનો વરતારો જાહેર કર્યો હતો. બેચરભાઈ ચાવડાને વરસાદની તૈયારી થવાની હોય ત્યારે ૨૪ કલાકમાં વિચાર આવે છે. ૧૦ દિવસમાં જે તારીખ આપે છે તે છેલ્લી તારીખે વરસાદ થાય છે. તા.૧૦-૧૦-૨૪ નાં છેલ્લી તારીખ વરસાદનાં વધામણાઓની દિશામાં પશ્ચિમ દિશાનાં જિલ્લામાં અમરેલી, મોરજર, જુનાગઢ, રાજકોટ, વેરાવળ સહિત જિલ્લાઓમાં ૨ થી ૪ ઈંચ ભારે વરસાદ પડવાનું જણાવેલ છે.

## યુવતિને પાડોશમાં રહેતા શખ્સ સાથે પ્રેમસબંધ બંધાતા

# રાજુલા તેમજ અમરેલીમાં યુવતિ ઉપર બળાત્કાર ગુજારનાર આરોપી ઝડપાયો

## પોલિસે બળાત્કાર ગુજારનાર આરોપીને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલાના જીતુ ભોજભાઈ ધાખડા પહેલા યુવતિના પાડોશમાં રહેતા હોય અને યુવતિને તેની સાથે પ્રેમસબંધ બંધાયેલ હોય. જેથી જીતુએ યુવતિને લગ્ન કરવાની લાલચ આપી યુવતિ સાથે લગ્ન નહી કરી લગ્ન કરવાના બહાને બોલાવી જીતુએ રાજુલા તથા અમરેલીમાં યુવતિની મરજી વિરુધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર ગુજારી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા તપાસનીશ અધિકારી પી.એસ.આઈ. એમ.એફ. ચૌહાણે બળાત્કારના આરોપી જીતુ ભોજભાઈ ધાખડાને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

# રાજુલાના ઉંટીયા ગામે યુવાન ઉપર હુમલો

## ગામનાજ શખ્સે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા તાલુકાના ઉંટીયા ગામે રહેતા અશ્વિનભાઈ લખમણભાઈ પરમાર ઉ.વ. ૧૯ ના ગામના ખીમજીભાઈએ રમેશ ઉકાભાઈ પરમાર ઉપર ફરિયાદ કરેલ હોય. અને અશ્વિનભાઈ ખીમજીભાઈના છોકરા સાથે રહેતા હોય. જેમનદુઃખ રાખી રમેશે ગાળો બોલી ઢીકાપાટુંનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયામાં ધુમસ્ટાઈલથી બાઈક ચલાવતા ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લીલીયા નાવલી બજાર મારૂતિ ચેમ્બર પાસે આંબા ગામના અરમાન મજીદભાઈ સૈયદ ઉ.વ. ૨૦ પોતાનું હોન્ડા સીડી ડીલકસ જી.જે.૦૬ સી.એફ. ૯૯૬૨ પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાઈ તે રીતે બાઈક ચલાવી ગુનો કરતા પો.કોન્સ. સંજયભાઈ ઈટાળીયાએ લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગાંધીજયંતિ તથા લાલબહાદુર શાસ્ત્રી જન્મ જયંતિ ઉજવાઇ

## ગાંધીજયંતિ તથા લાલબહાદુર શાસ્ત્રી નાં જન્મજયંતિને અનુલક્ષી ને કાર્યક્રમ યોજાયો



જેમાં ધો-૫ થી ૧૨ નાં વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા, વક્તવ્ય પણ વિદ્યાર્થીઓએ આપ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કૃષિ યુનિવર્સીટ પ્રાધ્યાપકશ્રીઓ શ્રી બિ.વી.પોકળ, એન્ટર પ્રેન્યુર અમરેલી. ડો. વી.સી.ગઢિયા સાહેબ (મ.પ્રા કૃષિ મહાવિદ્યાલય અમરેલી.) ડો એમ.કે કાનાણી (સંશોધન કેન્દ્ર અમરેલી) શ્રી સંજયભાઈ સાવલિયા, (આત્મા પોજેકટ. ખાંભા, અમરેલી), શ્રી નીતિનભાઈ સાવલિયા (આત્મા પ્રોજેક્ટ -ધારી), શ્રી રાહુલભાઈ બેડ (હેરજંબા ઈન્ડસ્ટ્રીઝ લી. અમરેલી) વગેરે ઉપસ્તિથ રહ્યા તેમજ સંસ્થા તરફથી તેને સ્મૃતિચિન્હો સન્માનિત કરવામાં આવ્યા, સંસ્થાના સંચાલકશ્રી દીપકભાઈ વઘાસીયા પ્રેરક પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ગાંધીજીના જીવન પ્રસંગ અને ગાંધી વિચાર અંગે વિસ્તુત પ્રવચનોથી બાળકોને અવગત કરી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસની ઉજવણી નિમિતે

# ધારીમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

## જીલ્લા વિકાસ અધિકારી પી.બી.પંડયા અને આરોગ્ય અધિકારી ડો. જોષીનું માર્ગદર્શન



અમરેલી, રાષ્ટ્રીય સ્વેચ્છીક રક્તદાન દિનની ઉજવણી અનુસંધાને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી.બી. પંડયા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.આર.એમ.જોષીના માર્ગદર્શન તથા પ્રાંત અધિકારી - ધારી શ્રી એચ.ડી. જાડેજા ના નિરીક્ષણ હેઠળ તાલુકા હેલ્થ કચેરી ધારી દ્વારા સંયુક્ત રીતે આંતર વિભાગીય રક્તદાન શિબિર નું આયોજન સરકારી હોસ્પિટલ - ધારી ખાતે કરવામાં આવ્યું હતું. આ તકે ધારી તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડી.સી. મકવાણા તેમજ સી.એચ.સી. ધારી ના અધિક્ષક ડો. બસિયા તથા ધારી તાલુકા હેલ્થ ની સમગ્ર ટીમ તથા તમામ સંકલન વિભાગોની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવી બ્લડ ડોનેશન કેમ્પ ને સફળ બનાવેલ. આ કેમ્પમાં નાગરિકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૩૦ થી વધુની બહોળી સંખ્યામાં રક્ત એકત્રિત થયેલ, જે બ્લડ જરૂરિયાત મંદ લોકોને સરળતાથી મળી રહે તેવા ઉમદા હેતુ સાથે વેદ વોલન્ટરી બ્લડ બેન્ક- અમરેલી ને સમર્પિત કરી અનેરું યોગદાન આપેલ છે. રક્તદાતા શ્રીઓને પ્રોત્સાહન ભેટ અને સર્ટિફિકેટ આપી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૭૦૦ થી ૧૬૬૦ મગફળી ૭૪૫ થી ૧૧૦૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૫૦-૧૦૯૦
શિંગમોટી-૭૪૫-૧૧૦૦
શીંગફાડા-૯૪૦-૧૨૭૫
તલસફેદ-૧૭૪૫-૨૭૦૦
તલકાળા-૨૬૮૦-૩૯૮૨
બાજરો-૪૦૨-૪૭૩
ઘઉંટુકડા-૫૩૦-૬૨૬
ઘઉંલોકવન-૫૫૦-૬૪૧
ચણા-૧૨૦૫-૧૬૦૭
કપાસ-૭૦૦-૧૬૬૦
જુવાર-૬૪૦-૬૪૫
ધાણા-૧૦૭૦-૧૭૩૧
મકાઈ-૪૨૫-૪૯૯
સોયાબીન-૭૩૫-૯૧૩
અડદ-૧૦૮૦-૧૮૬૦
મગ-૯૦૦-૧૮૨૪
મેથી-૧૦૦૦-૧૦૫૦
જીરૂ-૪૯૦૦-૩૭૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૬૦-૫૬૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફ્લાવર-૪૦૦-૬૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૧૧૦૦-૧૫૦૦
ફોદીનો-૧૨૦૦-૧૪૦૦
ગાજર-૬૦૦-૭૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૮૦૦-૧૦૦૦
દુધી-૩૦૦-૪૦૦
તુરીયા-૩૦૦-૪૦૦
ભીડો-૧૦૦-૨૦૦
આદુ-૮૦૦-૧૦૦૦
કોથમીર-૧૦૦૦-૨૦૦૦
મેથીભાજી-૧૫૦૦-૧૮૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૫૦૦-૧૦૦૦
મુળા-૩૦૦-૪૦૦
લીંબુ-૧૪૦૦-૨૦૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૭૦-૫૬૧
ચણા-૧૦૨૫-૧૩૨૬
ઘઉં-૪૯૦-૬૩૦
જુવાર-૪૪૦-૭૯૪
કપાસ-૯૧૨-૧૪૫૯
તલસફેદ-૨૦૦૦-૨૫૨૬
સોયાબીન-૬૦૦-૮૬૬
અજમા-૨૦૨૫-૨૦૨૫
તુવેર-૧૩૦૧-૧૩૦૧
મગ-૧૩૦૦-૧૩૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૪૯-૬૪૯
ડુંગળીલાલ-૨૦૫-૯૪૭
ચણા-૯૨૨-૧૪૦૩
તલસફેદ-૧૮૯૯-૨૪૮૨
અડદ-૯૨૦-૧૫૨૫
મકાઈ-૪૩૧-૪૮૨
શીંગ-૯૦૧-૧૭૦૦
ડુંગળીસફેદ-૨૭૮-૧૧૧૨
નાળીયેર-૪૦૦-૨૬૦૦
બાજરી-૪૪૨-૫૪૨
જુવાર-૪૧૨-૭૪૨
મગ-૬૨૪-૨૧૦૦

**બાબરા**
કપાસ-૧૪૦૦-૧૬૨૬
ઘઉં-૪૮૫-૬૦૫
મગફળી-૯૧૭-૯૬૩
જીરૂ-૪૨૮૦-૪૮૦૦
અડદ-૧૨૯૦-૧૫૭૦
તલસફેદ-૨૩૮૦-૨૬૯૦
મગ-૧૨૯૦-૧૫૦૫

**ધારી**
કપાસ-૧૦૨૦-૧૪૬૯
અડદ-૧૪૦૦-૧૪૦૦
મગફળી-૮૦૦-૧૦૫૫
તલકાળા-૨૩૦૦-૨૩૦૦
અડદ-૧૪૦૦-૧૪૦૦
ઘઉં-૪૮૫-૫૫૧
ધાણા-૧૧૫૦-૧૧૫૦
ચણા-૯૦૦-૧૧૦૦
શીંગફાડા-
સોયાબીન-
મકાઈ-૩૫૦-૩૫૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૫૧-૧૧૫૧
શીંગજીણી-૧૧૦૦-૧૨૦૧
અડદ-૧૪૯૫-૧૮૦૫
તલસફેદ-૨૦૦૦-૨૫૮૧
કપાસ-૧૨૯૫-૧૫૭૦
ઘઉંલોકવન-૫૦૦-૬૪૦
મેથી-૧૧૨૫
ઘઉંટુકડા-૫૨૧-૬૩૭
ચણા-૧૨૩૬-૧૫૧૫
તુવેર-૧૩૮૦-૧૮૦૦
વાલ-૨૧૦૦
બાજરો-૪૧૦-૫૦૦
રાય-૧૦૫૨

**ખાંભા**
કપાસ-
મગફળી-
તલસફેદ-
બાજરો-
જુવારસફેદ-
ઘઉં-
સોયાબીન-

**બગસરા**
કપાસ-૧૨૦૦-૧૫૨૫
અડદ-૧૦૦૫-૧૪૧૧
મગફળી-૫૫૦-૧૦૭૫
ધાણા-૮૧૦-૧૩૦૫
તલસફેદ-૧૫૦૦-૨૪૧૦
રાય-૯૫૦-૯૫૦
ચોળી-૨૧૫૫-૨૧૫૫
મગ-૧૦૯૦-૧૫૫૦
ચણા-૧૧૦૧-૧૨૪૮
સોયાબીન-૭૦૦-૮૫૭
ઘઉં-૪૪૦-૫૩૯
જુવાર-૭૩૫-૭૩૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૧૮૦૦-૩૨૦૦
મુસંબી-૪૦૦-૭૦૦
સંતરા-૨૨૦૦-૨૮૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૨૦૦-૨૦૦૦
અનાનસ-૧૨૦૦-૧૫૦૦
જામફળ-૧૦૦૦-૧૫૦૦
કેળા-૫૦૦-૬૦૦
પોપૈયા-૭૦૦-૯૦૦
તડબુચ-૨૦૦-૪૦૦
સફરજન હિમાચલ-૮૦૦-૧૬૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ત્તમ તાપમાન ૩૪.૫
ન્યુનતમ તાપમાન ૨૫.૫
ભેજનું પ્રમાણ ૮૪
પવનની ગતિ સરેરાશ ૪.૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## તા.૨ ઓક્ટોબરના રોજ ગાંધી જયંતિનાં પાવન પર્વ નિમિતે

# અમરેલી જિલ્લામાં પુ. મહાત્મા ગાંધી જયંતિ ઉજવાઇ

### ઠેર ઠેર સુતરની આટી પહેરાવી પુજ્ય ગાંધીબાપુની પ્રતિમાને ફુલહાર કર્યા

### પુ. ગાંધીબાપુને શ્રધ્ધાસુમન સાથે આમ જનતા સહિત જિલ્લા કોંગ્રેસ આગેવાનો કાર્યકરો અને વિવિધ ક્ષેત્રનાં આગેવાનો દ્વારા ભવ્ય સંસ્મરણો યાદ કરાયા

### અમરેલી જિલ્લા ભરની આંગણવાડીઓ શાળાઓ તેમજ કોલેજોમાં કાર્યક્રમો



અમરેલી,
અમરેલી જિલ્લામાં ૨ ઓકટોબર ગાંધી જયંતિ નિમિતે પુજ્ય ગાંધીજીનાં જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી શહેરનાં ગાંધીબાગ ખાતે પુજ્ય ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ફુલહાર કર્યા હતાં. શાળા-કોલેજો, આંગણવાડી સહિત સંસ્થાઓમાં પણ ગાંધી જયંતિ ઉજવી હતી. આજથી ખાદી ભંડારોમાં પણ કન્સેશનથી ખાદી વેચાણનો પ્રારંભ થયો હતો અને લોકોએ ખરીદી પણ કરી હતી.

જિલ્લા કોંગ્રેસ

તા. ૨ ઓકટોબર અને ગાંધીજયંતી ના પાવન પર્વ ના અવસરે જિલ્લા કોંગ્રેસ સમિતિ દવારા પૂજ્ય મહાત્મા ગાંધીજી ને શ્રદ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ ગાંધી બાગ અમરેલી ખાતે યોજાયેલ હતો. આ પ્રસંગે જિલ્લા સમિતિના આગેવાનો દવારા પૂજ્ય બાપુના સ્મરણો અને વિચારો બાબત ચર્ચા વિચારણા થયેલ અને પૂજ્ય બાપુના જીવન વિશે તથા પૂજ્ય બાપુના વિચારો વિશે ચર્ચા થયેલ કોંગ્રેસ પક્ષ હમેશા ગાંધી વિચાર ના પાયા પર રચાયેલ પક્ષ છે. અમરેલી ગાંધીબાગ ખાતે પૂજ્ય બાપુની પ્રતિમા ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પૂર્વ પ્રમુખ ડીકે રૈયાણી અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી સંદીપ પંડ્યા પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ટીકૂભાઈ વરૂ .રફીકભાઈ મોગલ મુઝફ્ફર હુસેન સૈયદ નરેશભાઈ અધ્યારૂ .જમાલભાઈ મોગલ સંદીપ ધાનાણી ભાવેશ પીપળીયા પ્રહલાદ સોલંકી અનકભાઈ જગદીશ તળાવિયા જગદીશ પાનસૂરિયા અશ્વિનસિંહ ગોહિલ રમેશભાઈ ગોહિલ જનક પંડ્યા બાબુભાઈ પાણીયા અરવિંદભાઈ સીતાપરા સહિત ના કોંગેસ અગ્રણી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચલાલા

ચલાલામાં આજે ૨ ઓક્ટોબર ગાંધી જયંતિની ઉજવણીનાં ભાગરૂપે ધારી, બગસરા, ખાંભાનાં ધારાસભ્ય જે.વી.કાકડીયાએ પુજ્ય ગાંધીબાપુની પ્રતિમાને ફુલહાર કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ગાંધીબાપુનાં વિચારોને યાદ કરી ચલાલા ખાદી ભવનમાં જઈ કાર્યકરો સાથે ખાદીની ખરીદી કરી હતી. આ તકે ધારી તાલુકા પંચાયતનાં પુર્વ ચેરમેન બાબભાઈ વાળા, પાલિકાનાં પુર્વ પ્રમુખ હિંમતભાઈ દોંગા, બાલાબાપુ દેવમુરારી, પ્રકાશભાઈ કારીયા, ભૈલુભાઈ વાળા, અવિરતભાઈ માલા, વનરાજભાઈ જેબલીયા, અશોકભાઈ જોષી, ધીરૂભાઈ સોડીંગલા સહિત મોટી સંખ્યામાં ભાજપનાં કાર્યકરોએ ખાદીની ખરીદી કરી ગાંધીજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. તેમ પ્રકાશભાઈ કારીયાએ જણાવ્યું હતું.

અમરેલી

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ગાંધીબાગ ખાતે ગાંધીબાપુનાં સ્ટેચ્યુને સુતરની આંટી પહેરાવી ગાંધી વંદનાં કાર્યક્રમ યોજાયો હતો. આ તકે વિદ્યાસભાનાં બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. ગુલાબની પાંદડીઓ અર્પણ કરેલ. સત્ય, અહિંસા અને પ્રેમનાં ગાંધીજીનાં આદર્શો તેમજ સ્વચ્છતા અંગેનો નારો લગાવેલ. આ તકે પ્રમુખ રાજેશભાઈ વિઠલાણી, દિનેશભાઈ ભુવા, કૌશિકભાઈ હપાણી, હર્ષદભાઈ વઘાસીયા, રજનીભાઈ ધોરાજીયા, જતીનભાઈ સુખડીયા, ભીખુભાઈ કાબરીયા, દિવ્યેશભાઈ તળાવીયા, ભરતભાઈ કાબરીયા, મેહુલભાઈ બાબરીયા, દલસુખભાઈ રામોલીયા તેમજ કલબનાં સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને દરેક સભ્યોએ ગાંધીજીનાં સ્ટેચ્યુને સુતરની આંટી પહેરાવી વિદ્યાર્થીઓ દ્વારા ધુનનો કાર્યક્રમ યોજાયાનું કલબનાં રાજુભાઈ પરીખની યાદીમાં જણાવાયું છે.

સાવરકુંડલા

પુજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ની ૧૫૫-મી જન્મ જયંતી નિમિતે શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ-ખાદી કાર્યાલય સાવરકુંડલા એ સવારની પ્રાર્થનાનો કાર્યક્રમ યોજેલ તેમાં પ્રાર્થના, ભજન, ધૂન, ગાંધી ગીત, ગાંધી સાહિત્ય વાંચન, તેમજ ગાંધીજી વિષે વક્તવ્ય યોજેલ તેમાં સાવરકુંડલા શહેર તેમજ તાલુકા માંથી ખુબજ મોટી સંખ્યામાં લોકો હાજર તેમજ શ્રી કૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદિર ના બાળકો અને શિક્ષકો હાજર રહેલા તેમજ ગ્રામ સેવા કેન્દ્ર કેન્દ્ર ખડસલી ના બહેનો તેમજ સંગીત ટુકડીએ સરસ મજા ના ગાંધીજી ને પ્રિય એવા ભજન, ધૂન, અને ગાંધી ગીતો, રજુ કરેલા શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નો સમગ્ર સ્ટાફ પણ હાજર સમગ્ર કાર્યક્રમ નું સંચાલન તથા આભાર વિધિ સંસ્થા ના કાર્યાલય મંત્રી શ્રી હરેશભાઈ ત્રિવેદી એ કરેલ. ત્યાર બાદ સાંજ ની સાયં પ્રાથના ૫:૩૦ કલાકે આજ સ્થળ ઉપર યોજવામાં આવેલ. જેમાં પ્રાર્થના, ભજન, ધૂન, ગાંધી સાહિત્ય વાંચન, રજુ કરવામાં આવ્યું. સાંજ ની પ્રાર્થના માં સાવરકુંડલા શહેર માંથી ખુબ જ સંખ્યા માં લોકો હાજર રહેલા.

અમરેલી

શ્રી ગિરધરભાઈ સંગ્રહાલય-બાલભવન , અમરેલી ખાતે મહા માનવ , વિશ્વ વિભૂતિ રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી બાપુ ની જન્મજયંતિ નિમિતે સંસ્થાના ચેરમેન શ્રી હેમેન્દ્રભાઈ મહેતાની ઉપસ્થિતિ માં સંગ્રહાલય માં પૂ. બાપુ ના અસ્થિને શ્રધ્ધાસુમન અર્પિત કરવાનો કાર્યક્રમ યોજનામાં આવ્યો હતો. અમરેલીને ગૌરવ જેવી વાત એ છે કે સમગ્ર ગુજરાતમાં પૂ. બાપુ ના અસ્થિકુંભ બે જ જગ્યાએ છે એક રાજયપાલ ભવન- ગાંધીનગર અને બીજો અસ્થિકુંભ ગિરધરભાઈ સંગ્રહાલય-અમરેલી. અમરેલી નું સદભાગ્ય છે કે ડો. હરિપ્રસાદ ભટ્ટ કે જેઓ અમરેલી ના ધારાસભ્ય હતા તેમને ગાંધી પરિવાર સાથે પારિવારિક સંબંધો હતા તેનાજ પરિણામે પૂ.બાપુના અસ્થિઓ ની ભૂમિ પર છે. અમરેલી સ્થિત બાલભવન માં ગાંધીજીના અસ્થિઓ ડો. હરિપ્રસાદ ભટ્ટ પૂ.બાપુ ના દેહાવસાન સમયે બિરલા હાઉસ દિલ્હી થી લઈ આવ્યા હતા. ગાંધી પરિવાર ની સાથેના અંગત સંબંધો ને કારણે ગાંધી પરિવારે એક અસ્થિકુંભ ડો. હરિપ્રસાદ ભટ્ટ ને આપ્યો હતો જે અસ્થિકુંભ ડો. હરિપ્રસાદ ભટ્ટ દ્વારા ગિરધરભાઈ સંગ્રહાલય અર્પિત કરવામાં આવ્યો હતો જે અમરેલી માટે ગૌરવની વાત છે. ગિરધરભાઈ સંગ્રહાલય માં આજે પૂ. બાપુ ની જન્મજયંતિ નિમિતે સંસ્થાના ચેરમેન શ્રી હેમેન્દ્રભાઈ મહેતા દ્વારા અસ્થિકુંભ ને સુતરની આંટી પહેરાવીને પૂજન કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ-અમરેલી ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મોટાભાઈ સંવટ, નારણભાઈ , મહેન્દ્રભાઈ જોષી, સંસ્થાના ડે.ડાયરેક્ટર દિનેશભાઈ ત્રિવેદી, મકાદાદા, જાણીતા પત્રકાર રાજુભાઈ ગઢીયા, સીટી વોચ ના કમલેશભાઈ, અરુણભાઈ પાનસુરીયા, સૌમિત્ર ભટ્ટ, જયવંતસિંહ ગોહિલ, સંગીતાબહેન, સુમનબહેન સહિત વિશાળ સંખ્યામાં વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને પૂ. બાપુ ને શ્રધ્ધાસુમન અર્પિત કર્યા હતા.

મોટા માંડવડા

આજરોજ તા ૨ જી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ મોટા માંડવડા આંગણવાડી કેન્દ્ર ખાતે આઈ સી ડી એસ દ્વારા ગાંધી જ્યંતી અને આઈ સી ડી એસ સ્થાપના દિન ની ઉજવણી કરવામાં આવેલ, કાર્યક્રમ માં આઈ સી ડી એસ સુપરવાઈઝર શ્રી દેવાંગીબેન ગોસ્વામી, સરપંચ પ્રતિનિધિ શ્રી સંદીપભાઈ ટીંબડીયા, તલાટી કમ મઁત્રી શ્રી સદામભાઈ કાજી , આંગણવાડી કાર્યકર તેડાગર, લાભાર્થી બાળકો અને વાલીઓ હાજર રહેલ. બાળકો દ્વારા વેશભૂષા કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં ભાગ લીધેલ તમામ બાળકોને કાર્યક્રમને અંતે ઈનામ વિતરણ કરવામાં આવેલ. સુપરવાઈઝર દેવાંગીબેન દ્વારા આઈ સી ડી એસ અને તેની યોજનાઓ થકી મળતા લાભ વિષે વાલીને માહિતગાર કરવામાં આવેલ. કાર્યક્રમ નું આયોજન મનીષાબેન અને અશ્માબેન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ.

## અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનની શુભેચ્છા મુલાકાતે ડો. કુબેર ડીંડોર

### શાળા છાત્રાલય પરિવાર દ્વારા સ્મૃતિ ચિહ્ન આપી સન્માન



અમરેલી, ગુજરાત ના કેબિનેટ શિક્ષણ મંત્રી મા.શ્રી ડો. કુબેર ડિંડોર અમરેલી જિલ્લાના પ્રવાસે હતા ત્યારે તેમણે અમારી સંસ્થા ની શુભેચ્છા મુલાકાત કરી ને સાંજ નું ભોજન કરેલ. શાળા અને છાત્રાલય પરિવાર વતી અમો દંપતીએ સ્મૃતિચિન્હ દ્વારા તેમનું સ્વાગત અભિવાદન કરેલ. શાળા અને છાત્રાલય ની ગુરૂકુળ પરંપરાની શૈક્ષણિક પ્રવૃત્તિઓથી તેઓ પ્રભાવિત અને અભીનંદન સહ શુભકામનાઓ પાઠવી રાજીપો વ્યક્ત કરેલ. મા શિક્ષણ મંત્રીની શુભેચ્છા મુલાકાત દરમ્યાન જિલ્લા ભાજપ ના મહામંત્રી શ્રી મેહુલ ધોરાજીયા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડો. કાનાબાર, FRC સભ્ય શ્રી મુકુંદભાઈ મહેતા, DEO શ્રી ગોહીલ સહીત અમરેલી શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો અને શીક્ષકો પણ જોડાયા હતા મંત્રીશ્રી સાથે શિક્ષણ સંબંધિત તંદુરસ્ત ચર્ચા અને સૂચનો કરેલ. અંતે સૌએ સ્નેહ ભોજન કર્યુ હતું.

## ગાંધીનગરમાં ફોટોફેર ૨૦૨૪ કમિટીની બેઠક મળી



મહાત્મા ગાંધી મંદિર ખાતે ફોટફેર ૨૦૨૪ અંતર્ગત કમિટી મેમ્બર સાથે અમરેલીનાં ફોટોગ્રાફર મહેશ ટાંક, પ્રતાપ રાઠોડ, જે.કે.પ્લેઝર, બોસ શશીભાઈ સહિત ગાંધીનગર ખાતે તસવીરમાં નજરે પડે છે.

## જાફરાબાદ નગરપાલિકા દ્વારા એવોર્ડ વિતરણ અને સન્માન સમારોહ યોજાયો




જાફરાબાદ, (ફીરોજ પઠાણ) જાફરાબાદ કામનાથ મહાદેવ મંદિર ની પાસે આવેલ કોમ્યુનિટી હોલમાં આ કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રમદાન, એકપેડ માંકેનામ જેવા કાર્યક્રમો યોજાયા જેમાં ચીફ ઓફીસરશ્રી ,વહિવટદાર, નગરપાલિકા સ્ટાફ તથા અન્ય કચેરીના સ્ટાફ અને નાગરિકો હાજર રહ્યા. સ્વચ્છતાહિ અંતગર્ત યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર પ્રતિસ્પર્ધીને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તથા સફાઈ કર્મીઓને પ્રમાણપત્ર, PPE KIT આપવામાં આવી અને ‘સ્વચ્છ ભારત દિવસ‘ની ઉજવણી કરી. આ કાર્યક્રમના અંતે જાફરાબાદ નગરપાલિકા ના ચીફ ઓફિસર ભાવનાબેન ગૌસ્વામીએ આભાર વ્યક્ત કરેલ.

## પરબડીની મુલાકાતે શિક્ષણમંત્રી શ્રી ડિંડોર




અમરેલી,
રાજયના શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોરે ધારીના પરબડી શાળાના આચાર્યશ્રી લાલુભાઇ એમ.કટારાના નિવાસ સ્થાને ચલાલા ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી તે વેળાએ ડો. સૌરભ કટારા, હેતલ કટારા, પપુ ડામોર તથા પલાસ મનિષાબેન અને મુકેશભાઇ જોષી સહપરિવારને પોતપોતાના કાર્યક્ષેત્રમાં આગળ વધવા શુભેચ્છા પાઠવી હતી. મંત્રીશ્રી દ્વારા વર્ષોથી વતન દુર રહેતાં પરિવારને ધન્ય પાઠવતાં શબ્દો સાથે હાજર વૃધ્ધ માતાઓને શાલ ઓઢાડી આર્શિવાદ મેળવ્યા હતાં અને પરિવારની બહાર રહેતાં સભ્યોની ટેલીફોનીક સંપર્ક કરી મુલાકાત આપી લાગણીસભર શબ્દોથી સુવાસ ફેલાવી માહિતી મેળવી હતી. શિક્ષણ મંત્રીને શાલ તથા પરંપરાગત રિવાજ મુજબ ચાંદીનું કડુ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું અને સાંજે સૌ સાથે ભોજન લીધુ હતું.

### પરજીયા સોની સમાજે અને બોટાદે અર્ધી રાતનો હોંકારો ગુમાવ્યો

## બોટાદના પરજીયા સોની આગેવાન શ્રી હરેશભાઇ ઘોરડા (દરબાર)નું નિધન : બોટાદમાં ઘેરો શોક

### સ્વ. હરેશભાઇ (દરબાર)ની અંતિમયાત્રામાં વિશાળ સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનોએ જોડાઇ અને શ્રધ્ધાંજલી પાઠવી



અમરેલી, (ફીલ્ડ રિપોર્ટર)

બોટાદના પરજીયા પટ્ટણી સોની આગેવાન શ્રી હરેશભાઈ બાબુભાઈ ધોરડા (દરબાર) (ઉ.વ.૭૦) નું નિધન થતા ઘેરો શોક છવાયો છે અને પરજીયા સોની સમાજે તથા બોટાદે અર્ધી રાતનો હોંકારો ગુમાવ્યો છે.

તા. ૨ ના રોજ સદગત શ્રી હરેશભાઈ (દરબાર)ની અંતિમયાત્રામાં વિશાળ સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનોએ જોડાઈ અને શ્રધ્ધાંજલી પાઠવી હતી. તેઓ બોટાદ નિવાસી પરજીયા પટ્ટણી સોની સ્વ. બાબુભાઈ રામજીભાઈ ધોરડા (દરબાર) ના સુપુત્ર હતા તથા શ્રીમતી ઈલાબેન ના પતિ તથા શ્રી દિપેશભાઈ, શ્રી વિશાલભાઈ, શ્રી અમિતભાઈ ના પિતાશ્રી તથા ગં.સ્વ. બિંદુબેન દિનેશકુમાર રાઠોડ વેરાવળના નાના ભાઈ તથા દિલીપભાઈ. સ્વ. પ્રદિપભાઈ, હિતેશભાઈ ના મોટાભાઈ થાય તથા સ્વ. નાથાલાલ તુલસીદાસ થડેશ્વર જસદણ ના જમાઈ થતા હતા.

શ્રી દિલીપભાઈ મો.૯૮૨૪૮૪૧૩૦૯, શ્રી હિતેશભાઈ ૯૮૨૪૮૭૬૯૧૧, શ્રી દિપેશભાઈ ૯૪૨૭૨૬૩૧૫૭, શ્રી વિશાલભાઈ ૯૮૨૪૨૪૫૬૫૪, શ્રી અમિતભાઈ ૯૭૩૭૦૦૩૦૬૨ તથા સમસ્ત ધોરડા પરિવારને સમસ્ત પરજીયા સોની સમાજ દ્વારા સાંત્વના પાઠવાઈ રહી છે.

## ગાંધીનગરને ૯૧૯ કરોડ રૂપિયાનાં વિકાસ પ્રોજેક્ટની ભેટ આપતા અમિત શાહ

## હામાપુરમાં મેગા પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઇ

અમરેલી,
બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બીઆઈએસ) રાજકોટ બ્રાન્ચ દ્વારા હામાપુર સ્થિત શ્રીમતી એલ.કે.બાબરિયા હાઈસ્કૂલ ખાતે ‘વર્લ્ડ સ્ટાન્ડર્ડ ડે’ની ઉજવણી કરવામાં આવી હતી. પોસ્ટર મેકિંગ સહિતની વિવિધ સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શકિતઓ ખીલે છે. સમગ્ર અમરેલી જિલ્લામાંથી ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈને ‘સ્ટાન્ડર્ડ ફોર કલાઈમેટ ચેન્જ’ વિષય પર પોસ્ટર બનાવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે હામાપુર એલ.કે.બી હાઈસ્કૂલના આચાર્ય શ્રી વિપુલભાઈ ભટ્ટ સહિતના કર્મચારીશ્રીઓએ જહેમત ઉઠાવી હતી.

## પહેલા પાનાનું ઇકોઝોન

પ્રમુખ ડો. પ્રવિણ તોગડીયાએ વડાપ્રધાનશ્રી મોદીને પત્ર પાઠવી રજુઆત કરી જણાવ્યું કે, સિંહ ગીરમાં કયારેય હુમલા કરતાં ન હતાં. અને ગીરમાં રહેતાં ગ્રામજનો ખેડૂતોએ કયારેય સિંહોને પરેશાન કર્યા નથી. ઈકોઝોન પશ્ચિમી સંસ્કૃતિનો વિચાર છે. જે સિંહની ચિંતા કરે છે તો માણસોની ચિંતા કેમ નથી કરતાં એવો વિચાર જયારે માનવની ચિંતાનો આવશે. તો સિંહોની ચિંતા નહીં કરતાં આ વિચાર પશ્ચિમી સંસ્કૃતિનો છે. એટલે ઈકો સિસ્ટમના નામ પર રહેનારા લોકો, ખેડૂતોને ધીરે ધીરે પોતાના ગામથી વિસ્થાપિત કરીને હટાવવાનું અપમાન ઈકો સિસ્ટમના નામ પર વન વિભાગની દયા પર છોડી દેવા કે સંસ્કૃતિની વિરૂધ્ધ તેથી હિન્દુ પરંપરા ગુજરાતમાં સિંહ અને માનવની સ્નેહમિત્રતાની પરંપરાથી પરિચિત છો. ગીર જંગલના અનેક ગામમાં રહેતાં પરિવારો પર અન્યાય ન કરો મને વિશ્વાસ છે કે ઈકોઝોનના નામ પર કરાયેલો નિર્ણય પાછો ખેંચી લેશો જેથી હજારો વર્ષોની ગીરની પરંપરાની રક્ષા થશે અને ઈકોઝોન ફરીથી કરાવીશું એવો દ્રઢ વિશ્વાસ છે તેમ ડો. પ્રવિણ તોગડીયાએ રજુઆતમાં જણાવ્યું છે.

### નામ બદલાવેલ છે

**આથી હું ભરતભાઇ ગોવીંદભાઇ કણબી જાહેર કરૂ છુ કે મે મારૂ નામ રાવળ ભરતભાઇ ગોવીંદભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું રાવળ ભરતભાઇ ગોવીંદભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.**
**સહી : રાવળ ભરતભાઇ ગોવીંદભાઇ**
**એડ્રેસ : નાના જીંજુડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી - ૩૬૪૫૧૫**

### ૨૫ વર્ષની સફળ વ્યવસાયી યાત્રાને ઉત્કૃષ્ટ બનાવવા

# અમરેલીમાં હરિઓમ પેંડાવાલાનું નવલા નોરતે નવ પ્રસ્થાન

## આજથી નવા બસ સ્ટેન્ડના નવા શોપિંગ પ્લાઝામાં દબદબાભેર પ્રારંભ

અમરેલી, અમરેલીમાં હરિઓમ પેંડાવાલાના નામથી લોક પ્રિયતા મેળવનાર હરિઓમ પેંડાવાલાનું નવલા નોરતે એટલે કે આજે તા.૪-૧૦-૨૪ શુક્રવારથી નવા બસ સ્ટેન્ડ અમરેલીના નવા શોપિંગ પ્લાઝામાં પ્રારંભ થનાર છે. હરિઓમ પેંડાવાલાની વર્ષોની પરંપરા સાથે વિશાળ સુવિધા સભર આઉટલેટમાં સ્થાળંતર કરી રહેલ છે. જેમાં સહયોગની અપેક્ષા સાથે સ્વાગત કરવા હરિઓમ પેંડાવાલા ગૃપ તલપાપડ બન્યું છે. નવા સાહસને વધાવા હરિભાઈ લાલજીભાઈ બાંભરોલીયા અને અનિલભાઈ જીવનભાઈ બાંભરોલીયા તથા હરિઓમ પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી - બગસરા

નં.જન્મ/મરણ રજી.નં.૧૩/એમએજી/વશી/૩૭૧/૨૦૨૪...............તા.૨૬-૦૯-૨૦૨૪
અરજદાર :- શ્રી ચોટલીયા મહમદભાઈ સતારભાઈ રહે.જેતપુર રોડ, તા.બગસરા
વિવાદીના વકીલશ્રી : ધર્મરાજભાઈ એચ.વાળા
સાક્ષી : (૧) શ્રી ચોટલીયા મહમદભાઈ સતારભાઈ રહે.બગસરા (૨) શ્રી ખીમસુરીયા હરસુખભાઈ નાથાભાઈ રહે.બગસરા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી હામાપુર ગ્રામ પંચાયત

**નોટીસ**

આથી આપને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રહીશ શ્રી ચોટલીયા મહમદભાઈ સતારભાઈએ તેમના પુત્ર શ્રીનો જન્મ તા.૦૫-૦૯-૨૦૧૫ ના રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં કેસ ચાલુ હોય, જે કામે આપને રૂબરૂ સાંભળવા તથા અરજી સાથે આપના દ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામા મુજબના સાક્ષીઓને રૂબરૂ સાંભળવા તા.૧૦-૧૦-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે મુદત મુકરર કરવામાં આવેલ હોય, મુદતે રૂબરૂ હાજર રહેવા આપને જણાવવામાં આવે છે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૧૯/૨૦૨૪
અરજદાર :- શ્રી શિયાળ મુના બાલુભાઈ રહે.રાજુલા, જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી નગરપાલિકા રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી શિયાળ મુના બાલુભાઈએ તેમના સંતાનો નામે હેમાન્સી મુના શિયાળનો જન્મ તા.૦૨-૧૧-૨૦૧૮ તથા મયપત મુના શિયાળનો જન્મ તા.૧૦-૧૨-૨૦૧૯ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એ.વી.બાબરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૯-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૨૯-૦૮-૨૦૨૪

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

### જાહેર નોટીસ
### મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૮૯/૨૦૨૪
અરજદારશ્રી :- શ્રી જયંતિલાલ ગાંગજીભાઈ અકબરી રહે.નવસારી
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી અભરામપરા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્ર અકબરી મેહુલકુમાર જયંતિલાલનો જન્મ તા.૨૧-૧૦-૧૯૮૪ ના રોજ મુ.અભરામપરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૨૪-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી - બગસરા

નં.એમએજી/જ.મ.રજી.નં.૨૪/૨૦૨૪...............................તા.૦૪-૦૯-૨૦૨૪
વિવાદીશ્રી :- શ્રી લીલાબેન ગભરૂભાઈ વાળા રહે.સુડાવડ, તા.બગસરા
વિવાદીના વકીલશ્રી : સુરેશભાઈ રાઠોડ
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી સુડાવડ ગ્રામ પંચાયત, તા.બગસરા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સુડાવડ ગામના રહીશ શ્રી લીલાબેન ગભરૂભાઈ વાળાએ તેમના પુત્રીશ્રી રૂપાબેન ગભરૂભાઈ વાળાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૮ ના રોજ બગસરા તાલુકાના સુડાવડ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જે જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### જાહેર નોટીસ
### મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૪૪/૨૦૨૪
અરજદારશ્રી :- શ્રી ડુબાણીયા કરશનભાઈ ગોવિંદભાઈ રહે.બાઢડા, તા.સાવરકુંડલા
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીની પુત્રી નીતાબેન કરશનભાઈ ડુબાણીયાનો જન્મ તા.૦૮-૦૪-૧૯૮૧ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૨૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી - બગસરા

નં.એમએજી/જ.મ.રજી.નં.૨૨/૨૦૨૪...............................તા.૦૪-૦૯-૨૦૨૪
વિવાદીશ્રી :- શ્રી રજાકભાઈ મહમદભાઈ ડાયાતર રહે.બગસરા, જી.અમરેલી
વિવાદીના વકીલશ્રી : ફારૂકભાઈ ઠેબા
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા બગસરા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા ગામના રહીશ શ્રી રજાકભાઈ મહમદભાઈ ડાયાતરએ તેમનો જન્મ તા.૦૧-૦૫-૧૯૬૧ ના રોજ બગસરા તાલુકા બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જે જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી - બગસરા

નં.એમએજી/જ.મ.રજી.નં.૧૭/૨૦૨૪...............................તા.૦૪-૦૯-૨૦૨૪
વિવાદીશ્રી :- શ્રી મોગલ મહમદભાઈ રહીમભાઈ રહે.બગસરા, જી.અમરેલી
વિવાદીના વકીલશ્રી : ફારૂકભાઈ ઠેબા
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા બગસરા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા ગામના રહીશ શ્રી મહમદભાઈ રહીમભાઈ મોગલના માતૃશ્રી આયેશાબેન રહીમભાઈ મોગલનું મરણ તા.૧૬-૦૭-૨૦૨૨ ના રોજ બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જે મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી - બગસરા

નં.એમએજી/જ.મ.રજી.નં.૨૦/૨૦૨૪...............................તા.૦૪-૦૯-૨૦૨૪
વિવાદીશ્રી :- શ્રી રાખોલીયા હરીભાઈ છગનભાઈ રહે.શાપર, તા.બગસરા
વિવાદીના વકીલશ્રી : ફારૂકભાઈ ઠેબા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી શાપર ગ્રામ પંચાયત, તા.બગસરા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શાપર ગામના રહીશ શ્રી રાખોલીયા હરીભાઈ છગનભાઈના બહેન શ્રી મુક્તાબેન છગનભાઈ રાખોલીયાનો જન્મ તા.૦૧-૧૦-૧૯૬૬ ના રોજ બગસરા તાલુકાના શાપર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જે જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી
**જાહેર નિવિદા**

આથી શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને નવા માર્કેટયાર્ડમાં સ્વ–ભંડોળ અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.


**કામનું નામ :** ડીઝાઈન, મેન્યુફેકચર, સપ્લાય એન્ડ ઈન્સ્ટોલેશન ઓફ (પ્રિ એન્જીનીયર્ડ બિલ્ડીગ) ઓકશન શેડ વીથ રીમેઈનીગ ફાઉન્ડેશન સીવીલ વર્કસ ઈન એકઝીસ્ટીગ ઓપન પ્લેટફોર્મ એટ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમીટી, અમરેલી

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂા.૭૬૯.૪૬ લાખ<br>ઈ.એમ.ડી.: રૂા.૭,૭૦,૦૦૦–૦૦ | ટેન્ડર ફી : રૂા.૧૮,૦૦૦–૦૦<br>કામની સમય મર્યાદા : ૪–માસ |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય<br>ફીઝીકલ સમબીશનની તારીખ | તા.૧૫/૧૦/૨૦૨૪<br>સમય ૧૮:૦૦ કલાક સુધી<br>તા.૧૯/૧૦/૨૦૨૪,૧૫:૦૦કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા.૧૯/૧૦/૨૦૨૪,૧૭:૦૦ કલાકે |
| વેબસાઈટનું નામ | www.nprocure.com |

ઉપરોકત કામો અંગે વિગતવાર માહિતિ ટેન્ડરમાં આપવામાં આવેલ છે તેમજ વધારે માહિતિ માટે ઓફીસ સમય દરમ્યાન શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી, મુખ્ય યાર્ડ, અમરેલીની કચેરી ખાતે સંપર્ક કરવો.
ફોન : (૦૨૭૯૨) ૨૨૨૧૨૨, ૨૨૩૨૧૩
**નોંધ :** આવેલ ટેન્ડર ભાવ મંજુર/નામંજુર કરવા, ટેન્ડર રદ કરવા વગેરે તમામ અધિકાર સંસ્થાને અબાધિત રહેશે.

(તુષાર એચ. હપાણી) (સુરેશભાઈ એમ. રોકડ) (શૈલેષભાઈ બી. સંઘાણી)
સેક્રેટરી    વાઈસ ચેરમેન    ચેરમેન
શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી


શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક



લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી








ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ



બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
• લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩



સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



રજી.સે.શ.૩૬૭૫૨    ॥ સત્યમેવ જયતે ॥    ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઇન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL



સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી
Appointment Now M.8238599299





અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોલમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી



ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025






પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા–લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665

